Shah Steel
SINCE - 1969
M.S.ANGEL, CHANNEL, BEAM, PLATE CRC, HR,G.I SHEETS M.S.FLAT, ROUND, SQUARE, BRIGHT BAR AND T.M.T BARS
WHOLESALE AND RETAIL STOCKIST & SUPPLIER
B-IND.129-A, UDHNA SANCH COMPLEX, NEW UDHNA DINDOLI ROAD, UDHYOG NAGAR, UDHNA, SURAT-394 210.
PH.: 0261 227962, 2277137 • E-mail : shahnco118@gmail.com
Mobile: 9377722118, 9374718583
BALBIR AM/NS INDIA JSW MONNET JINDAL STEEL & POWER

# ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા
વડોદરા

શેઠ પી. ટી. સુરત જનરલ હોસ્પિટલ
ડૉ. ભટ્ટની હોસ્પિટલ
બાલાજી રોડ, સ્વ. શ્રી કનૈયાલાલ મોદી માર્ગ, સુરત.
ફોન : ૦૨૬૧-૨૫૯૨૦૪૦, ૨૫૯૨૦૪૧, ૨૬૦૪૦૦૦
હોસ્પિટલ ૨૪ કલાક ઈમરજન્સી અને અકસ્માત કેસ માટે ચાલુ છે.
* અનુભવી ડૉક્ટર્સ
* અત્યંત વ્યાજબી ભાવે સેવા
* "માં" કાર્ડ યોજના હેઠળ મફત ઓપરેશન
કેશલેસ અને મેડીક્લેઈમની સેવા ઉપલબ્ધ
સાચા અર્થમાં ટ્રસ્ટ હોસ્પિટલ...

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57
વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ ફાગણ વદ દશમ શનિવાર ૧૪ માર્ચ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૧૯
પાનાં ૧૨+૧૨ કિંમત ₹ ૫.૦૦

# તેહરાનમાં પ્રચંડ ધડાકો: હજારોની ભીડ વચ્ચે ઈઝરાયેલનો બોમ્બમારો







**જ્યાં** ઇઝરાયેલ વિરોધી વાર્ષિક સરકારી રેલીમાં હજારો લોકો ભેગા થયા હતા તે ફિરદૌસી સ્ક્વેરમાં પ્રચંડ ધડાકો થયો, જો કે જાનહાનિના તત્કાળ કોઇ અહેવાલ નહીં

**દુબઈ, તા. 13 (AP):** ઈરાનની રાજધાનીના એક વિસ્તારમાં શુક્રવારે એક પ્રચંડ વિસ્ફોટ થયો હતો, જ્યાં પેલેસ્ટાઈન સમર્થન અને ઈઝરાયેલના વિનાશના આહવાન માટે આયોજિત વાર્ષિક સરકારી રેલીમાં હજારો લોકો એકઠા થયા હતા.

મધ્યાહન સમયે ફિરદૌસી સ્ક્વેર વિસ્તારમાં થયેલા એક પ્રચંડ વિસ્ફોટે સમગ્ર વિસ્તારને હચમચાવી દીધો હતો. ત્યાં પેલેસ્ટાઈનીઓના સમર્થનમાં અને ઈઝરાયેલના અંતની હાકલ કરવા માટે વાર્ષિક 'કુદ્સ ડે' રેલીમાં હજારો લોકો એકઠા થયા હતા, જ્યાં તેઓ ઈઝરાયેલ મુર્દાબાદ અને અમેરિકા મુર્દાબાદ ના નારા લગાવી રહ્યા હતા.ઈઝરાયેલ દ્વારા વિસ્ફોટના થોડા સમય પહેલા જ એક ફારસી ભાષાના X (ટ્વિટર) એકાઉન્ટ પર લોકોને તે વિસ્તાર ખાલી કરી દેવાની ચેતવણી આપવામાં આવી હતી. પરંતુ, બહુ ઓછા ઈરાનીઓએ તે જોયું હશે, કારણ કે યુદ્ધની શરૂઆતથી જ સત્તાવાળાઓએ ઈન્ટરનેટ લગભગ સંપૂર્ણપણે બંધ કરી દીધું છે. ઈઝરાયેલે અગાઉ ચેતવણી આપી હતી કે તે મધ્ય તેહરાનના આ વિસ્તારને નિશાન બનાવશે. જો કે, જાનહાનિ અંગે તાત્કાલિક કોઈ અહેવાલ પ્રાપ્ત થયા નથી. પરંતુ વરિષ્ઠ સરકારી અધિકારીઓની હાજરીવાળા આ વિશાળ પ્રદર્શનને ચાલુ રાખવાનો નિર્ણય અને ઈઝરાયેલની હુમલાની ધમકી - બંને પક્ષોના ઉગ્ર નિર્ધારને દર્શાવે છે. લગભગ બે અઠવાડિયાથી ચાલી રહેલા આ યુદ્ધે વૈશ્વિક અર્થતંત્રને હચમચાવી દીધું છે અને તે અટકવાના કોઈ સંકેત દેખાતા નથી.

ઈરાને ઈઝરાયેલ અને પડોશી અખાતી દેશો પર દરરોજ વ્યાપક મિસાઈલ અને ડ્રોન હુમલા કરવાનું ચાલુ રાખ્યું છે. આ ઉપરાંત, તેણે હોર્મુઝની સામુદ્રધુની પણ અસરકારક રીતે બંધ કરી દીધી છે, જ્યાંથી વિશ્વના પાંચમા ભાગના તેલનો વેપાર થાય છે. બીજી તરફ, અમેરિકા અને ઈઝરાયેલના યુદ્ધવિમાનો ઈરાનમાં સૈન્ય અને અન્ય લક્ષ્યો પર સતત હુમલા કરી રહ્યા છે.

## ઈઝરાયેલ અને હિઝબુલ્લાહ વચ્ચે વધી રહેલો સંઘર્ષ

લેબનોનના ઈરાન સમર્થિત સંગઠન હિઝબુલ્લાહ દ્વારા ઉત્તરી ઈઝરાયેલ અને દક્ષિણ લેબનોનમાં ઈઝરાયેલી સૈનિકો પર રોકેટ હુમલા કરવામાં આવ્યા હોવાના દાવા બાદ, ઉત્તરી ઈઝરાયેલમાં લગભગ 60 જેટલા લોકો ઘાયલ થયા છે. જો કે, આ તમામ ઈજાઓ ઘણી સામાન્ય હોવાનું જણાવાયું છે. બીજી તરફ, લેબનોનના સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, દક્ષિણ-પશ્ચિમ બેરૂતમાં ઈઝરાયેલ દ્વારા કરવામાં આવેલા હુમલામાં એક વ્યક્તિનું મોત નીપજ્યું છે.

## ઈરાનમાં યુદ્ધની શરૂઆતથી અત્યાર સુધીમાં ૧૫,૦૦૦ લક્ષ્યો પર હુમલા કરાયા: અમેરિકા

ઈઝરાયેલે અગાઉ ઈરાનમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવીને વધુ એક શ્રેણીબદ્ધ હુમલા કરવાની જાહેરાત કરી હતી. ઈઝરાયેલે જણાવ્યું હતું કે તેના વાયુસેનાએ છેલ્લા ૨૪ કલાકમાં મિસાઈલ લોન્ચર્સ, સંરક્ષણ પ્રણાલીઓ અને શસ્ત્ર ઉત્પાદન સ્થળો સહિત ૨૦૦ થી વધુ લક્ષ્યાંકો પર હુમલો કર્યો છે. વોશિંગ્ટનમાં, હેગસેથે જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં ૧૫,૦૦૦ થી વધુ દુશ્મન લક્ષ્યાંકો પર હુમલો કરવામાં આવ્યો છે, જે ૨૮ ફેબ્રુઆરીએ યુદ્ધ શરૂ થયું ત્યારથી પ્રતિદિન ૧,૦૦૦ થી વધુની સરેરાશ દર્શાવે છે.

## બ્રેન્ટ ક્રૂડનો ભાવ ફરીથી વધીને ૧૨૦ ડોલર થયો

સંભવિત ઊર્જા કટોકટી અંગેની વધતી જતી વૈશ્વિક ચિંતાઓ અને યુદ્ધનો કોઈ અંત ન દેખાતા, આંતરરાષ્ટ્રીય સ્ટાન્ડર્ડ ગણાતા બ્રેન્ટ ક્રૂડ તેલની કિંમત પ્રતિ બેરલ 100 યુએસ ડોલરથી ઉપર રહી છે. બ્રેન્ટના ભાવ પ્રતિ બેરલ આશરે 120 યુએસ ડોલર સુધી પહોંચી ગયા છે, જે 28 ફેબ્રુઆરીએ ઈઝરાયેલ અને અમેરિકાએ યુદ્ધ શરૂ કર્યું ત્યારના ભાવ કરતા લગભગ 40 ટકા વધારે છે.

## દુબઈના આર્થિક હબમાં તોડફોડ: ઈરાનના ડ્રોન હુમલાથી અખાતી દેશોમાં ફફડાટ



ઈરાન ખાડી વિસ્તારમાં તેલ અને અન્ય માળખાગત સુવિધાઓ પર હુમલા કરી રહ્યું છે, અને શુક્રવારે સાઉદી અરેબિયાએ જણાવ્યું હતું કે તેણે વિવિધ તબક્કામાં મોકલવામાં આવેલા લગભગ 50 ડ્રોનને તોડી પાડ્યા છે. ઓમાનમાં, સોહાર વિસ્તારના એક ઔદ્યોગિક ક્ષેત્રમાં બે ડ્રોન પડતા બે લોકોના

...અનુસંધાન પાના 11 પર

### ઓમાનમાં ડ્રોન હુમલો: 2 ભારતીયોનાં મોત

**મસ્કત/નવી દિલ્હી, તા. 13:** પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા ઇરાન-અમેરિકા સંઘર્ષની જ્વાળાઓ હવે નિર્દોષ ભારતીયોને પણ લપેટમાં લઈ રહી છે. શુક્રવારે ઓમાનના સોહાર શહેરમાં આવેલા અલ આવાહી ઇન્ડસ્ટ્રીયલ એરિયામાં થયેલા ડ્રોન હુમલામાં બે ભારતીય નાગરિકોના કરુણ મોત નીપજ્યા છે. 28 ફેબ્રુઆરીએ સંઘર્ષ શરૂ થયા બાદ પશ્ચિમ એશિયામાં જમીન પર કોઈ ભારતીયનું મોત થયું હોય તેવી આ પ્રથમ ઘટના છે. વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, મસ્કતથી

...અનુસંધાન પાના 11 પર

## હવે ગેસ સિલિન્ડરને પણ સાંકળ અને તાળા!



**ચંદૌલી/વારાણસી, તા. 13:** ઈરાન-ઈઝરાયેલ યુદ્ધની અસરો ભારતના અંતરિયાળ વિસ્તારોમાં કેવી ભયાનક સ્થિતિ પેદા કરી શકે છે, તેનું જીવતું જાગતું ઉદાહરણ ઉત્તર પ્રદેશના ચંદૌલીમાં જોવા મળી રહ્યું છે. અછતની અફવાઓના કારણે લોકો એટલા ડરી ગયા છે કે ગેસ એજન્સીઓ પર લાઈનમાં ઉભા રહેલા ગ્રાહકો હવે પોતાના ગેસ સિલિન્ડરને લોખંડની સાંકળોથી બાંધીને તાળા લગાવી રહ્યા છે.

ચંદૌલીની ગેસ એજન્સીઓ બહાર જોવા મળતા દ્રશ્યો ડરામણા છે. સેંકડો લોકો પોતાની બાઇક કે સાયકલ પર ખાલી સિલિન્ડર લાદીને કલાકો સુધી લાઇનમાં ઉભા છે. અછતના કારણે સિલિન્ડર લૂંટાઇ ન જાય અથવા ચોરી ન થઈ જાય તે માટે લોકોએ ત્રણ-ત્રણ સિલિન્ડરને એકસાથે સાંકળથી બાંધીને બાઇક સાથે તાળા મારી દીધા છે.

તા.૧૩-૦૩-૨૦૨૬નું વડોદરા શહેરનું
**હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૯.૨° સે. | ૨૦.૨° સે. | ૧૮% |

### ક્યાંક લૂંટફાટ તો ક્યાંક લાઠીચાર્જ; પંજાબમાં કતારમાં ઉભેલા વૃદ્ધનું મોત

# દેશમાં LPG માટે હાહાકાર: સિલિન્ડર માટે લાંબી કતારો

\S પંજાબમાં લોકો સિલિન્ડર લઈને ભાગ્યા
અમદાવાદમાં ગેસની લાઇનમાં મહિલા બેભાન







**નવી દિલ્હી, તા. 13:** પશ્ચિમ એશિયાના સંઘર્ષની સૌથી માઠી અસર ભારતના રસોડા પર પડી છે. દેશભરની ગેસ એજન્સીઓ પર યુદ્ધના ડરે 'પેનિક બુકિંગ' શરૂ થતા અરાજકતા જેવી સ્થિતિ સર્જાઈ છે.

**ગુજરાતની સ્થિતિ**

ગુજરાતમાં કોમર્શિયલ સિલિન્ડરના ભાવ આસમાને પહોંચ્યા છે અને 3000 થી 4000 માં બ્લેકમાં વેચાઈ રહ્યા છે. ગેસ એજન્સીઓ પર સવારના 4 વાગ્યાથી લાઈનો લાગે છે. ભારે ભીડ અને કલાકોના પ્રતીક્ષાના કારણે લાઈનમાં ઉભેલી મહિલા બેભાન થઈને ઢળી પડવાની ઘટના સામે આવી છે. ગેસ ન મળતા અનેક નાના વેપારીઓએ ધંધા બંધ કર્યા છે અથવા કોલસાના ચૂલા તરફ વળ્યા છે.

**પંજાબમાં લૂંટફાટ**

પંજાબના બરનાલામાં ગેસ માટે લાઈનમાં ઉભેલા 66 વર્ષીય વૃદ્ધનું હાર્ટ એટેકથી મોત નીપજ્યું છે. લુધિયાણામાં તો સ્થિતિ એટલી હદે વણસી છે કે લોકો એજન્સીઓમાંથી સિલિન્ડર લઈને ભાગતા અને રસ્તામાં લૂંટફાટ કરતા જોવા મળ્યા છે.

**રાજસ્થાન:** જયપુરમાં કોંગ્રેસ દ્વારા સિલિન્ડરની 'શવયાત્રા' કાઢી અનોખો વિરોધ કરાયો. હોટલ-રેસ્ટોરન્ટમાં ગેસ પુરવઠો ઠપ્પ છે.

**મધ્યપ્રદેશ:** ઈન્ડક્શન ચૂલાના ભાવ રાતોરાત બમણા થઈ ગયા છે. ઓનલાઈન બુકિંગમાં સર્વર ડાઉન હોવાથી 8-8 દિવસનું વેટિંગ ચાલે છે.

**ઉત્તર પ્રદેશ:** આગ્રાની પેઠા ફેક્ટરીઓ અને ફિરોઝાબાદનો કાચ ઉદ્યોગ ગેસ વગર બંધ થવા લાગ્યો છે, જેનાથી હજારો લોકો બેરોજગાર થયા છે.

**કેરળ:** રાજ્યના 40% રેસ્ટોરન્ટ્સ આવતીકાલ સુધીમાં બંધ થઈ જવાની ભીતિ છે.

**સરકાર: પહેલા રોજ 55 લાખ સિલિન્ડર બુક થતા હવે રોજ 76 લાખ**

પેટ્રોલિયમ મંત્રાલયના જોઈન્ટ સેક્રેટરી સુજાતા શર્માએ જણાવ્યું કે, 'હોર્મુઝ સ્ટ્રેટ' બંધ થવાને કારણે સપ્લાયમાં સમસ્યા છે, પરંતુ લોકો અફવાઓથી પ્રેરાઈને જરૂર કરતા વધુ બુકિંગ (દરરોજ 75 લાખ) કરી રહ્યા હોવાથી અછત વધી રહી છે. સરકારના જણાવ્યા મુજબ, યુદ્ધ પહેલા દેશમાં સરેરાશ દરરોજ 55.7 લાખ સિલિન્ડરનું બુકિંગ થતું હતું. જોકે, અછતના ડર અને અફવાઓના કારણે આ આંકડો ઉછળીને હવે 75.7 લાખ પર પહોંચી ગયો છે.

પેટ્રોલિયમ મંત્રાલયના અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે આ વધારો કોઈ વાસ્તવિક અછતને કારણે નથી, પરંતુ લોકોમાં ફેલાયેલા ડર (Panic Booking) ના કારણે છે. જો લોકો સંયમ જાળવે અને માત્ર જરૂર પૂરતું જ બુકિંગ કરે, તો સપ્લાય ચેઈન જળવાઈ રહેશે અને દરેકને સમયસર ગેસ મળી શકશે.

## અફઘાન-પાક વચ્ચે હવાઈ જંગ: પાકિસ્તાની હુમલામાં 6ના મોત



**ત્રાસવાદી** અડ્ડાના નામે પાકિસ્તાને કાબૂલ અને અન્યત્ર હુમલા કર્યા તાલિબાનનો વળતો પ્રહાર

**વળતા** જવાબમાં અફઘાનિસ્તાને ખૈબર પખ્તુનખ્વા સહિતના પાકિસ્તાની વિસ્તારો પર હુમલા કર્યા

**કાબુલ, તા. 13:** અફઘાનિસ્તાનની તાલિબાન સરકારે દાવો કર્યો છે કે શુક્રવારે રાત્રે પાકિસ્તાને કાબૂલમાં તથા અન્ય સ્થળોએ હવાઈ હુમલાઓ કરતા ઓછામાં ઓછા છ નાગરિકોનાં મોત થયા છે તથા અન્ય એક ડઝન કરતા વધુ લોકોને ઈજા થઈ છે. આ હુમલાનો વળતો જવાબ આપવામાં આવ્યો હોવાનું અફઘાન સરકારે જણાવ્યું છે.

અફઘાન સરકારના પ્રવકતાએ જણાવ્યું હતું કે પાકિસ્તાની વિમાનોએ દક્ષિણ અફઘાનિસ્તાનના કંદહાર એરપોર્ટ પાસે આવેલી ખાનગી એરલાઈન 'કામ એર'ના ઈંધણ ડેપો પર પણ હુમલા કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, આ કંપની નાગરિક એરલાઈન્સની સાથે-સાથે સંયુક્ત રાષ્ટ્રના વિમાનોને પણ ઈંધણ પૂરું પાડે છે. દરમિયાન,

...અનુસંધાન પાના 11 પર

# માસિક ધર્મ રજા પર સુપ્રીમનો ઈનકાર

**'ફરજિયાત** રજાથી મહિલાઓની કારકિર્દીને નુકસાન થઈ શકે છે'

**કોર્ટે** PIL ફગાવી; કહ્યું- કાયદો બનાવશો તો લોકો મહિલાઓને નોકરીએ રાખતા અચકાશે, સરકાર નીતિ ઘડવા પર વિચાર કરે

**નવી દિલ્હી, તા. 13(PTI):** સુપ્રીમ કોર્ટે શુક્રવારે મહિલા વિદ્યાર્થીઓ અને કામદારો માટે પેઈડ માસિક ધર્મ રજા પૂરી પાડતી દેશવ્યાપી નીતિની માંગ કરતી જાહેર હિતની અરજી (PIL) પર સુનાવણી કરવાનો ઈનકાર કરી દીધો હતો. કોર્ટે અવલોકન કર્યું હતું કે આવી સ્થિતિમાં કોઈ તેમને નોકરી આપશે નહીં અને આવી જોગવાઈ અજાણતામાં જાતીય રૂઢિચુસ્તતાને વધુ મજબૂત બનાવશે.

જો કે, સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકાર અને સક્ષમ સત્તાધિકારીઓને અરજદારની રજૂઆત પર વિચાર કરવા અને તમામ સંબંધિત હિતધારકો સાથે પરામર્શ કર્યા પછી માસિક ધર્મ રજા અંગે નીતિ ઘડવાની શક્યતા તપાસવા જણાવ્યું હતું. ચીફ જસ્ટિસ સૂર્યકાંત અને ન્યાયમૂર્તિ જોયમાલ્યા બાગચીની ખંડપીઠે અવલોકન કર્યું હતું કે, અરજી પાછળનો હેતુ ભલે કલ્યાણકારી હોય, પરંતુ જોબ માર્કેટની વ્યવહારિક વાસ્તવિકતા મહિલાઓ માટે પ્રતિકૂળ પરિણામો લાવી શકે છે. ખંડપીઠે નોંધ્યું હતું કે, આવી અરજીઓ ડર પેદા કરવા અને મહિલાઓને ઉતરતી ગણાવવા માટે કરવામાં આવે છે... આ એક સકારાત્મક અધિકાર છે, પરંતુ તે

...અનુસંધાન પાના 11 પર

# ઈન્ડિગો પણ વસૂલશે 'ફ્યુઅલ ચાર્જ'

**તમામ** ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ પર 425થી લઈને 2,300 સુધીનો ફ્યુઅલ ચાર્જ

**નવી દિલ્હી, તા. 13:** પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષની સીધી અસર હવે પ્રવાસીઓના ખિસ્સા પર પડવા લાગી છે. દેશની

...અનુસંધાન પાના 11 પર

### ક્યા રૂટ પર કેટલો બોજ?

ઈન્ડિગો દ્વારા જારી કરવામાં આવેલા નવા દરો નીચે મુજબ છે:

**ડોમેસ્ટિક અને ભારતીય ઉપખંડ:** 425 (જે એર ઈન્ડિયાના 399 કરતા વધુ છે).
**મિડલ ઈસ્ટ (પશ્ચિમ એશિયા):** 900.
**સાઉથ ઈસ્ટ એશિયા, ચીન અને આફ્રિકા:** 1,800.
**યુરોપ ફ્લાઈટ્સ: 2,300.**